# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૧ તા. ૨૪.૦૩.૨૦૧૯

-----------

**વિજય સંકલ્પ સંમેલનમાં વિજયનો શંખનાદ ફૂંકીને ૨૬ બેઠકો જીતવાનો નિર્ધાર વ્યક્ત કરતા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**કોંગ્રેસ શાસનમાં કૌભાંડો, હતાશા, નિરાશા, અરાજકતા, આતંકવાદી હુમલાઓ તથા પોલીસી પેરાલીસીસને લીધે ભારતની પ્રતિષ્ઠાનું વિશ્વમાં ધોવાણ થયુ હતુ - શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ પુલવામાંના હુમલા બાદ કહ્યું હતુ કે, 'હું કોઇને છોડીશ નહી' અને સેનાને પરાક્રમ કરવા કાશ્મીર સહીત પાકિસ્તાન પર કાર્યવાહી માટે છુટો દોર આપ્યો. આજે લોકોને સુરક્ષાનો અહેસાસ થયો છે ''મોદી હૈ તો મુમકીન હૈ'' નો વિશ્વાસ પેદા થયો છે - શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**જાતીવાદ, જ્ઞાતિવાદ, વંશવાદ અને સગાવાદને પોષનારાઓ આજે ''મોદી હટાવો''ના નારા સાથે એક થયા છે જ્યારે આપણું લક્ષ્ય છે ગરીબી હટાવો, આતંકવાદ હટાવો અને ભ્રષ્ટાચાર હટાવો - શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**માં ભારતીને શક્તિ સ્વરૂપે દુર્ગા, ધનધાન્ય સ્વરૂપે અન્નપુર્ણા, સમૃધ્ધિમાં માં લક્ષ્મી, જ્ઞાનમાં માં સરસ્વતી એવી ભારત માતા બને તે માટે આપણે સૌ કૃતનિશ્ચયી બની ભવ્ય ભારતના નિર્માણ માટે કટિબધ્ધ બનીએ - શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

આજરોજ મહેસાણા ખાતે આયોજીત ભાજપાના વિજય વિશ્વાસ સંમેલનને સંબોધતા મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યુ હતુ કે, કોંગ્રેસે ૫૫ વર્ષમાં સુધી દેશ પર રાજ કર્યું હતુ. દેશનું ભલુ કરવાને બદલે માત્ર એક પરીવારનું ભલુ થયુ.

કોંગ્રેસ શાસનમાં કૌભાંડો, હતાશા, નિરાશા, અરાજકતા, આતંકવાદી હુમલાઓ તથા પોલીસી પેરાલીસીસને લીધે ભારતની પ્રતિષ્ઠાનું વિશ્વમાં ધોવાણ થયુ હતુ. પાંચ વર્ષમાં નરેન્દ્રભાઇના શાસનમાં નવી ચેતના પ્રગટી છે. જે શક્ય ન હતુ એ હવે શક્ય બન્યુ છે. અગાઉ દેશમાં મુંબઇ, અયોધ્યા, દિલ્લી, અમદાવાદ, જયપુર વગેરે જગ્યાએ બોમ્બ ધડાકાઓ થયા છે. કોઇ કાર્યવાહી થતી નહોતી. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ પુલવામાંના હુમલા બાદ કહ્યું હતુ કે, 'હું કોઇને છોડીશ નહી' અને સેનાને પરાક્રમ કરવા કાશ્મીર સહીત પાકિસ્તાન પર કાર્યવાહી માટે છુટો દોર આપ્યો. આજે લોકોને સુરક્ષાનો અહેસાસ થયો છે ''મોદી હૈ તો મુમકીન હૈ'' નો વિશ્વાસ પેદા થયો છે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



કંદહાર કાંડ અંગે કોંગ્રેસને આડેહાથે લેતા શ્રી રૂપાણીએ જણાવ્યુ હતુ કે, અગાઉ કોંગ્રેસ શાસનમાં થયેલા અપહરણમાં મુફ્તી મહમદ સઈદ અને ગુલામનબી આઝાદના સગાઓને છોડાવવા ત્રાસવાદીઓને કોંગ્રેસ દ્વારા મુક્ત કરાયા હતા. કંદહારનો નિર્ણય એ સર્વદલીય બેઠકમાં લેવાયો હતો. કોંગ્રેસ આ બાબતે જુઠ્ઠાણા ફેલાવવાનું બંધ કરે.

મહાગઠબંધન અંગે તેઓશ્રી જણાવ્યુ હતુ કે, એક સામાન્ય ચા વાળો વડાપ્રધાન બને તે આ લોકોને પચતું નથી. જાતીવાદ, જ્ઞાતિવાદ, વંશવાદ અને સગાવાદને પોષનારા આજે "મોદી હટાવો"ના નારા સાથે એક થયા છે. આપણું લક્ષ્ય છે ગરીબી હટાવો, આતંકવાદ હટાવો અને ભ્રષ્ટાચાર હટાવો.

શ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકારે ગરીબો માટે કામ કર્યુ છે. આરોગ્ય માટે આયુષ્યમાન, સૌભાગ્ય યોજના અંતર્ગત ઘેર ઘેર વીજળી, જનધન યોજના, ઉજવલા યોજના હેઠળ ગેસ કનેકશન તથા લાખો ખેડુતોના ખાતામાં સીધા રૂપિયા જમા થયા છે.

કોંગ્રેસના શાસનમાં ગુજરાતને થયેલા અન્યાયને યાદ કરતા જણાવ્યું હતુ કે, ૭ વર્ષ સુધી નર્મદાના દરવાજાની મંજુરી આપી ન હતી. નરેન્દ્રભાઇએ માત્ર ૧૭ દિવસમાં મંજુરી આપી અને નર્મદાનું કામ પૂર્ણ કર્યુ હતુ. ક્રુડ રોયલ્ટીનો પ્રશ્ન ઉકેલીને ૧૦,૦૦૦ કરોડ મંજુર કર્યા. ગુજરાતને એઈમ્સ આપી આ સિવાય નેશનલ હાઈવેના કામ, ધોલેરા માટે ત્રણ હજાર કરોડ આપ્યા. ૧૦,૦૦૦ કરોડના ખર્ચે બુલેટ ટ્રેનનો પ્રોજેક્ટ શરૂ થઇ ચુક્યો છે. અગાઉ કોંગ્રેસ શાસનમાં થતા ગુજરાતના અન્યાયને હવે ન્યાય મળ્યો છે.

શ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યુ હતુ કે, ૨૦૧૯ની ચૂંટણી એ બે વિચારધારાની લડાઇ છે. એક તરફ રાષ્ટ્રવાદની વિચારધારા છે તો બીજી તરફ ભાગલાવાદી વિચારધારા છે. આ ચુંટણી દેશનું ભાગ્ય બદલનારી છે. નીતિ, ધર્મ અને સત્ય સાથે રહીને આ ઐતિહાસિક ચૂંટણીમાં સાક્ષી બનવાનો આપણને સૌને મોકો મળ્યો છે. માં ભારતીને શક્તિ સ્વરૂપે દુર્ગા, ધનધાન્ય સ્વરૂપે અન્નપુર્ણા, સમૃધ્ધિમાં માં લક્ષ્મી, જ્ઞાનમાં માં સરસ્વતી એવી ભારત માતા બને તે માટે આપણે સૌ કૃતનિશ્ચયી બની ભવ્ય ભારતના નિર્માણ માટે કટિબધ્ધ બનીએ.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ વિજય સંકલ્પ સંમેલનમાં વિજયનો શંખનાદ ફૂંકીને ૨૬ બેઠકો જીતવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

આ સંમેલનમાં ભાજપાના પ્રદેશ અગ્રણીશ્રીઓ, સાંસદશ્રી, ધારાસભ્યશ્રીઓ, પ્રદેશ અગ્રણીશ્રીઓ તથા મહેસાણા જીલ્લા ભાજપાના અગ્રણીશ્રીઓ તથા હજારોની સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા. ૨૪.૦૩.૨૦૧૯

-----------

**સુરેન્દ્રનગર ખાતે ભાજપાના વિજય સંકલ્પ સંમેલનમાં હજારો કાર્યકરોએ ભવ્ય વિજયના સંકલ્પ લીધા**

-----------

**૨૦૧૯ની લોકસભાની ચૂંટણી માં ભારતીને વિશ્વગુરુ પદે પ્રસ્થાપિત કરવાની ચૂંટણી છે.**
**દેશનું સુંદર ભાવિ સુનિશ્ચિત કરવા માટેની ચૂંટણી છે – શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**૧૯૯૨માં આતંકના ઓથાર વચ્ચે શ્રીનગરના લાલચોકમાં ત્રિરંગો ફરકાવનાર જવામર્દ શ્રી નરેન્દ્રભાઇ મોદીનું સમર્થ નેતૃત્વ પુનઃ પ્રાપ્ત કરવાની આ ચૂંટણી છે.**
**દેશની સુરક્ષા અને સલામતી માટે સમર્થ અને સક્ષમ નેતૃત્વ પસંદ કરવા માટેની આ ચૂંટણી છે**
**– શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**આજના સંમેલનમાં કોંગ્રેસના સુરેન્દ્રનગર જીલ્લા પંચાયતના કારોબારી ચેરમેન સહિત ચાર જીલ્લા પંચાયતના સભ્ય અને પૂર્વ વિપક્ષના નેતા તેમના સાથી કાર્યકરો સાથે ભાજપામાં જોડાયા**

-----------

આજરોજ સુરેન્દ્રનગર ખાતે વિજય સંકલ્પ સંમેલનમાં ઉપસ્થિત હજારો કાર્યકરોને ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ તેમની આક્રમક શૈલીમાં આવનારી લોકસભાની ચૂંટણી તથા વિધાનસભાની પેટા ચૂંટણી માટે પ્રેરક માર્ગદર્શન પુરુ પાડ્યું હતુ.

શ્રી વાઘાણીએ જણાવ્યુ હતુ કે, ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી માં ભારતીને વિશ્વગુરુ પદે પ્રસ્થાપિત કરવાની ચૂંટણી છે. દેશનું સુંદર ભાવિ સુનિશ્ચિત કરવા માટેની ચૂંટણી છે. ૧૯૯૨માં આતંકના ઓથાર વચ્ચે શ્રીનગરના લાલચોકમાં ત્રિરંગો ફરકાવનાર જવામર્દ શ્રી નરેન્દ્રભાઇ મોદીનું સમર્થ નેતૃત્વ પુનઃ પ્રાપ્ત કરવાની આ ચૂંટણી છે. દેશની સુરક્ષા અને સલામતી માટે સમર્થ અને સક્ષમ નેતૃત્વ પસંદ કરવા માટેની આ ચૂંટણી છે.

સુરેન્દ્રનગર લોકસભાની બેઠક માટે ડૉ. મહેન્દ્ર મુંજપરાની પસંદગી અંગે આનંદ વ્યક્ત કરતા પ્રદેશ પ્રમુખશ્રીએ જણાવ્યુ હતુ કે, છેલ્લા ૫૦ વર્ષમાં સાડા આઠ લાખ દર્દીઓની સેવા થકી ડૉ. મુંજપરાએ સમગ્ર સુરેન્દ્રનગર પંથકમાં પોતાના સત્તકાર્યોની સુવાસ ફેલાવેલી છે. ડૉ. મુંજપરાની પસંદગીથી કોંગ્રેસવાળા મુંજાઇ ગયા છે. સુરેન્દ્રનગર વિધાનસભાની પેટાચૂંટણી માટે પોતાના મતક્ષેત્રમાં સેવાકાર્યો કરનાર શ્રી પુરૂષોત્તમ સાબરિયાના સત્તકાર્યોનો પણ પ્રદેશ પ્રમુખશ્રીએ આ પ્રસંગે ઉલ્લેખ કર્યો હતો. ડૉ. મહેન્દ્ર મુંજપરા અને શ્રી પુરૂષોત્તમ સાબરિયાનો વિજય નિશ્ચિત છે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



શ્રી વાઘાણીએ જણાવ્યુ હતુ કે, કોંગ્રેસ નેતૃત્વવિહિન છે. પ્રજા તો દુર પરંતુ પોતાના કાર્યકરોની લાગણીને સમજવામાં પણ કોંગ્રેસ નિષ્ફળ રહી છે. તેથી જ કોંગ્રેસના અનેક આગેવાનો, કાર્યકરો આજે ભાજપામાં જોડાઇ રહ્યા છે.

આજથી ૧૫-૨૦ વર્ષ પહેલા સુરેન્દ્રનગર પાણીની, મૂળભુત સુવિધાઓની શું પરિસ્થિતિ હતી ? તે વિશે પ્રદેશ પ્રમુખે સૌને યાદ અપાવી હતી. પાણીના ટેન્કરોનું રાજ હતુ. પાણીની બાબતોએ પડાશીઓ વચ્ચે વાદવિવાદ થતા. ભાજપાનું શાસન આવ્યા પાછી સુરેન્દ્રનગરમાં પીવા તથા સિંચાઇના પાણીની વ્યવસ્થા સુચારૂ રૂપે ગોઠવાઇ છે. પરંતુ કોંગ્રસને તે બાબતોનોય યેનકેન પ્રકારે વિરોધ કરવો છે. સારુ કામ કરવું નથી અને કોઇ સારુ કાર્ય કરે તો તેનો વિરોધ કરવો તે કોંગ્રેસની નીતિ રહી છે.

ભારત કહે અને દુનિયા કરે – તેવા ગૌરવવંતા દેશના નિર્માણ કરવાનું નેતૃત્વ શ્રી નરેન્દ્રભાઇ મોદીના હાથમાં સોંપવાની આ ચૂંટાણી છે, કોંગ્રેસ તેનાથી થાય તેટલા તમામ પ્રયત્નો કરી લે પરંતુ, ભાજપાના કાર્યકર્તાઓના સંકલ્પથી કોંગ્રેસના ભાંગીને ભુક્કા થવાના છે તે બાબત નક્કી છે.

આવો, મા ભારતીને પરમ વૈભવના શિખરે લઇ જવાના સંકલ્પ સાથે પ્રજાની વચ્ચે ભાજપાની વિચારધારાને આત્મવિશ્વાસથી લઇ જઇએ અને ભવ્ય વિજય પ્રાપ્ત કરીએ – તેવી હાકલ કરીને પ્રદેશ પ્રમુખશ્રીએ તેમનું વક્ત પૂર્ણ કર્યુ હતુ.

આજના સંમેલનમાં કોંગ્રેસના સુરેન્દ્રનગર જીલ્લા પંચાયતના કારોબારી ચેરમેન સહિત ચાર જીલ્લા પંચાયતના સભ્ય અને પૂર્વ વિપક્ષના નેતા તેમના સાથી કાર્યકરો સાથે ભાજપામાં જોડાયા હતા.

આજના આ વિજય સંકલ્પ સંમેલનમાં સુરેન્દ્રનગર લોકસભા બેઠકના ઉમેદવાર ડૉ. મહેન્દ્ર મુંજપરા, વિધાનસભાની પેટાચૂંટણીના ઉમેદવાર શ્રી પુરૂષોત્તમ સાબરિયા, ઉર્જામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ, રાજ્યસભાના સાંસદશ્રી શંભુનાથજી ટુંડીયા, પૂર્વ મંત્રીશ્રી કિરિટસિંહ રાણા, ભાજપા પ્રદેશ અગ્રણીશ્રીઓ, પૂર્વ સાંસદ, પૂર્વ ધારાસભ્યો સહિત સુરેન્દ્રનગરના તમામ અગ્રણીઓ તથા સંગઠનના હોદ્દેદારો સહિત હજારો કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

**(પ્રશાંત વાળા)**
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૩ તા. ૨૪.૦૩.૨૦૧૯

-----------

**"વિજય સંકલ્પ સંમેલન"**

-----------

**ભાજપા દ્વારા આજ થી ૨૭ માર્ચ, ૨૦૧૯ દરમ્યાન ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠકો પર વિજય સંકલ્પ સંમેલનો યોજાશે**

-----------

**ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રીશ્રી યોગી આદિત્યનાથજી ૨૬ માર્ચે ગાંધીનગર ખાતે યોજાનાર વિજય સંકલ્પ સંમેલનમાં સવિશેષ ઉપસ્થિત રહેશે**

-----------

**આજરોજ મહેસાણા લોકસભા બેઠક પર મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલની ઉપસ્થિતિમાં વિજય સંકલ્પ સંમેલન યોજાયું**

-----------

**આજરોજ સુરેન્દ્રનગર લોકસભા બેઠક પર ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીની ઉપસ્થિતિમાં વિજય સંકલ્પ સંમેલન યોજાયું**

-----------

પ્રદેશ ભાજપા મીડિયા સેલની અખબારી યાદી જણાવે છે કે, આગામી લોકસભા ચૂંટણી અંતર્ગત આજરોજ ૨૪ માર્ચ થી ૨૭ માર્ચ, ૨૦૧૯ દરમ્યાન ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠકો પર ભાજપા દ્વારા વિજય સંકલ્પ સંમેલનો યોજાશે.

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રીશ્રી યોગી આદિત્યનાથજી તારીખ ૨૬ માર્ચે ગાંધીનગર ખાતે યોજાનાર વિજય સંકલ્પ સંમેલનમાં સવિશેષ ઉપસ્થિત રહી કાર્યકર્તાઓને માર્ગદર્શન આપશે.

આજરોજ મહેસાણા લોકસભા બેઠક પર મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલની ઉપસ્થિતિમાં વિજય સંકલ્પ સંમેલન યોજાયું હતુ, જે અંતર્ગત મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે વિજય સંકલ્પ સંમેલનમાં ઉપસ્થિત સૌ કાર્યકર્તાઓને માર્ગદર્શન આપ્યુ હતુ.

આજે સુરેન્દ્રનગર લોકસભા બેઠક પર ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીની ઉપસ્થિતિમાં વિજય સંકલ્પ સંમેલન યોજાયો હતો, જેમાં શ્રી વાઘાણીએ ઉપસ્થિત સૌ કાર્યકર્તાઓને માર્ગદર્શન આપ્યુ હતુ તથા કેન્દ્રીય મંત્રીશ્રી પરશોત્તમભાઇ રૂપાલાએ સુરત ખાતે ઉપસ્થિત રહી કાર્યકર્તાઓને માર્ગદર્શન આપ્યુ હતુ.

આ ઉપરાંત માન.મંત્રીશ્રીઓ અને પ્રદેશના હોદ્દેદારશ્રીઓ જે તે લોકસભામાં વિજય સંકલ્પ સંમેલનોમાં ઉપસ્થિત રહ્યા હતા.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ